ઝાડા-ઊલટી: બારડોલી નગરસેવિકા ઝપટે

વોર્ડ નં.૪નાં નગરસેવિકા સરલાબેન રાઠોડ પણ બીમાર, લાઇનમાં ભંગાણ પડ્યાની આશંકા

બારડોલી: બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.7 અને 8 સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ઝાડા-ઊલટીના કેસોમાં અચાનક ઉછાળો આરોગ્ય તંત્ર દોડતું થયું છે. આ રોગચાળાની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સામાન્ય નાગરિકો તો ઠીક, પરંતુ વોર્ડ નં.૪નાં નગરસેવિકા સરલાબેન રાઠોડ પોતે પણ આ બીમારીની ચપેટમાં આવી ગયાં છે.

આશ્ચર્યની વાત એ છે કે, મોટા ભાગના દર્દીઓમાં ઝાડા અને ઊલટી બંને લક્ષણો એકસાથે જોવા નથી મળી રહ્યાં. કોઈને માત્ર ઊલટી તો કોઈને માત્ર ઝાડાની સમસ્યા સતાવી રહી છે. નાનાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ વયના લોકો આ બીમારીનો શિકાર બની રહ્યા છે. લોકોનો આક્ષેપ છે કે નગરપાલિકાએ માત્ર મુખ્ય સ્ત્રોતના નમૂના લઈને સંતોષ માન્યો છે, પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે-ઘરે આવતા નળના પાણીની તપાસ કરવામાં આળસ દાખવી છે.

જો તંત્ર વહેલી તકે આ પ્રદૂષિત પાણીની સમસ્યાનો ઉકેલ નહીં લાવે અને રોગચાળાનું મૂળ કારણ નહીં શોધે, તો બારડોલીમાં પણ 'ઇન્દોર જેવી ગંભીર સ્થિતિ' સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યાનુસાર હાલમાં આ વિસ્તારોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) દ્વારા અંડરગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી ચાલી રહી છે. ખોદકામ દરમિયાન ગટર અને પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ પડ્યું હોવાની અને ગંદું પાણી પીવાના પાણીમાં ભળી ગયું હોવાની પ્રબળ શંકા છે.

ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલુ છે: પંકજ ફણસીયા

બારડોલી તાલુકા આરોગ્ય અધિકારી પંકજ ફણસીયાએ જણાવ્યું હતું કે, અમારી ટીમો સતત કાર્યરત છે. અત્યાર સુધી લેવાયેલા પાણીના નમૂનામાં કોઈ શંકાસ્પદ બાબત જણાઈ નથી. આ કેસો છૂટાછવાયા છે અને તેનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલુ છે.

ખોલવડમાં દુકાનમાં કામ કરતા યુવાનનું મોત

કામરેજ: મૂળ રાજસ્થાનના સલુમ્બર અને હાલ કામરેજના ખોલવડની હદમાં અમૃત ઉદ્યોગનગર વિભાગ-1માં ગેસના ચૂલાની દુકાન ચલાવતા પ્રકાશ સાવરિયાની દુકાનમાં આઠ મહિનાથી નોકરી કરતો સંગ્રામસિંહ ગોપાલસિંહ સિસોદીયા (ઉ.વ.41) દુકાનમાં કામ કરી ત્યાં જ રહેતા હતા. દુકાનના માલિકની માતા બીમાર થઈ જતાં છ દિવસથી સારવાર કરાવવા માટે રાજસ્થાન ગયા હતા. ગુરુવારે પ્રકાશભાઈનો સાળા દુકાન પર સવારે આંટો મારવા માટે ગયા હતા, ત્યારે દુકાનની બહાર સંગ્રામસિંહને બેભાન અવસ્થામાં જોતાં તુરંત જ 108 ને જાણ કરતાં કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે સંગ્રામસિંહને મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સંગ્રામસિંહનું મોત કઈ રીતે થયું એ અંગે તપાસ કરી રહી છે.

સંક્ષિપ્ત સમાચાર

સોનગઢ-વ્યારામાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રા

સોનગઢ, વ્યારા: સોનગઢ અને વ્યારા ખાતે કોંગ્રેસની જન આક્રોશ યાત્રા પહોંચતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રા સોનગઢ બસ સ્ટેન્ડ વિસ્તારમાં પહોંચીને જાહેર સભામાં પરિવર્તિત થઈ હતી. સભાને સંબોધતા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભાજપના મળતીયાઓ દ્વારા "નલ સે જલ" યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજનાઓ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે અને ભાજપના નેતાઓએ આ યોજના જનહિત માટે નહીં પરંતુ ધન કમાવાનું સાધન બનાવી દીધી છે.

વાઘપાણી પાસે યુવકનો મૃતદેહ મળી આવ્યો

વ્યારા: વ્યારાના વાઘપાણી પાસે સ્ટોન ક્વોરીમાંથી સોનગઢના અગાસવાણ ગામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. શમુએલ બાબુભાઈ ગામીત (ઉ.વ.28) (રહે.,અગાસવાણ, ટાંકલી ફળિયું, તા.સોનગઢ) ગત તા.5-2-2026ના રોજ સાંજના સાડા 6 વાગ્યે પોતાની મોટરસાઇકલ લઇને ક્યાંક નીકળી ગયો હતો. જેનો મૃતદેહ ગતરોજ સવારે 8.30 કલાકે વ્યારા તાલુકાના વાઘપાણી પાસે ઉપલા ફળિયામાં જંગલ ખાતાની જમીનમાં આવેલ જૂની સ્ટોન ક્વોરીના પાણીમાં મળી આવ્યો હતો. જેની જાણ થતાં કાકરાપાર પોલીસે અગમ્ય કારણોસર શમુએલનું ક્વોરીના પાણીમાં ડૂબી જવાથી મોત થયું હોવાની મૃતક યુવકના પિતા બાબુભાઈ કોટાભાઈ ગામીતની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

કડોદરા અનાવિલ યુવકમંડળનો 18મો યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાયો

ઈલ્યાસ શેખ

પલસાણા: કડોદરા વિભાગ અનાવિલ સમાજ તથા કામરેજ-પલસાણા તાલુકા અનાવિલ યુવકમંડળ આયોજિત 18મો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ શુક્રવારે યોજાયો હતો, જેમાં સમાજના 15 બટુકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપાના નવનિયુક્ત હોદ્દેદારો, જિલ્લા મહામંત્રી અંકુરભાઈ દેસાઈ, મંત્રી હિતેશભાઈ નાયક, મીડિયા કન્વીનર તેજસ વશી, મહિલા મોરચાના પ્રમુખ અવનીબેન નાયક તથા સમાજનાં શ્રેષ્ઠીઓ મીનાબેન દેસાઈને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગને સફળ બનાવવા માટે મિરલ દેસાઈ, ગુણવંતભાઈ દેસાઈ, નરેશભાઈ દેસાઈ, ગિરીશભાઈ દેસાઈ, કેતનભાઈ દેસાઈ, ધર્મેશભાઈ દેસાઈ, ગૌરાંગ દેસાઈ, કિશોરભાઈ દેસાઈ, ભરતભાઈ દેસાઈ તથા કડોદરા વિભાગ અનાવિલ સમાજ તથા કામરેજ-પલસાણા તાલુકા અનાવિલ યુવક મંડળે ભારે જહેમત ઉઠાવી હતી.

વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયમાં વાલી મિટિંગ યોજાઈ

ભોરિયા: શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ વલવાડા સંચાલિત ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય વલવાડામાં ધો.10 અને 12ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સતીષભાઈ એન.પટેલ, ઉપપ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય દ્વારા વાલીઓને વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સારું વાતાવરણ પૂરું પાડવા તથા બાળકોને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. શાળાના શિક્ષકો દ્વારા વાલીઓને બોર્ડની પરીક્ષા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તથા વિદ્યાર્થીઓને સારાં પરિણામ પ્રાપ્ત કરવા શાળામાં લેવાતી પ્રિબોર્ડ ટેસ્ટ નિયમિત શાળામાં હાજર રહી આપવાની વાત કરી હતી.

હિતેશ પટેલ

માંડવી બાયપાસ પુલ પર સ્ટ્રીટ લાઈટ્સ 'ગુલ', લોકોમાં રોષ

વાહનો રાત-દિવસ દોડતાં રહે છે, છતાં પાલિકા લાઈટ કેમ ચાલુ કરાવતી નથી?

માંડવી: માંડવીના તરસાડા વચ્ચે નવો પુલ બન્યો છે. તેને પણ ચાર-પાંચ વર્ષ થઈ ગયાં છે. હાલ પુલ પર મૂકવામાં આવેલી સ્ટ્રેટ લાઈટ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે. જેના કારણે વાહન ચાલકોને ખૂબ તકલીફ પડે છે. રાત્રિના સમયે લાઇટના અભાવે અકસ્માત થવાનો ભય છે. ઉપરાંત સરકારે માંડવી-કીમ રોડ પર ગરેડિયા ખાડીનો પુલનો બનાવવા માટે કામ શરૂ કર્યું છે. આથી નાનાં-મોટાં વાહનો માટે ડાયવર્ઝન આપ્યું હોવાથી તરસાડા બાયપાસ પરથી પસાર થવું પડે છે. પરંતુ નવા પુલની લાઈટ છેલ્લા ઘણા સમયથી બંધ હોવાના કારણે લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે. જે શોભાના ગાંઠિયા જેવી સાબિત થઈ રહી છે. માંડવી નગરપાલિકાના શાસકો વિકાસની મોટી મોટી વાતો કરે છે પરંતુ પુલ પરની લાઇટ્સ સાંજે કેમ શરૂ કરવામાં આવતી નથી એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આથી માંડવીના નવા પુલ પરની ટ્રાફિકની ભારે જોતાં તાકીદે પુલ પરથી લાઈટ શરૂ કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. પુલ પરથી સાઇડે સાંજે વોક માટે આવનારા લોકોને પણ મુસીબત પડે છે. તરસાડા ગામમાં મોટાં વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે. છતાં પણ ઘણાં વાહનો ઘૂસી જાય છે. વાપી શામળાજી હાઇવેનાં વાહનો રાત-દિવસ દોડતાં રહે છે, છતાં પાલિકા લાઈટ કેમ ચાલુ કરાવતી નથી? એ પ્રશ્ન અહીં ઊઠી રહ્યો છે

મોટા બોરસરા 66 KV સબ સ્ટેશનમાં આગ: ઉદ્યોગો ઠપ

વીજ તંત્રની નિષ્ક્રિયતા સામે આવતાં ઉદ્યોગપતિઓ રોષે ભરાયા

ઈબ્રાહીમ કાનુ

હથોડા: મોટા બોરસરા સ્થિત ગુજરાત વિદ્યુત બોર્ડના 66 કેવી સબ સ્ટેશનમાં શુક્રવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ સબ સ્ટેશન હેઠળ અનેક ઉદ્યોગો કાર્યરત હોવાથી, વીજ પુરવઠો ખોરવાઈ જતાં અનેક ઔદ્યોગિક એકમોનાં પૈડાં થંભી ગયાં હતાં.

વીજકંપનીના કર્મચારીઓની નિષ્ક્રિયતા અને બેદરકારીને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાના આક્ષેપ સાથે સ્થાનિક ઉદ્યોગપતિઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. પરિસ્થિતિને થાળે પાડવા પાલોદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસની હાજરીમાં જ ઉદ્યોગપતિઓએ એકઠા થઈને ગુજરાત વિદ્યુત બોર્ડના ડેપ્યુટી ઈજનેરને આ બાબતે ઉગ્ર રજૂઆત કરી હતી અને ભવિષ્યમાં આવી બેદરકારી ન દાખવવા લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું હતું. જોકે, આ આગમાં કુલ કેટલું નુકસાન થયું છે તેનો ચોક્કસ આંકડો હજુ જાણી શકાયો નથી અને આ મામલે પોલીસ મથકે હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

સોનગઢના પાંચપીપળા ગામે ઉઘરાણીના રૂ.55 હજારની લૂંટ

બે અજાણ્યા શખ્સ સામે પોલીસ ફરિયાદ

સોનગઢ: સોનગઢ પોલીસ મથક હેઠળ આવતા પાંચપીપળા ગામ પાસે ધોળા દિવસે લૂંટની ઘટના સામે આવી છે. મોટરસાઈકલ પર ઉઘરાણી કરી પરત ફરી રહેલા એક વેપારીને આંતરી બે અજાણ્યા શખ્સોએ લાકડી વડે હુમલો કરી રૂ.55,000 રોકડા લૂંટી લીધા હતા.

મૂળ તામિલનાડુના અને હાલ વ્યારામાં રહીને ઘરવખરીના સામાનનું છૂટક વેચાણ તથા નાણાં ધિરધારનું કામ કરતા ગણેશન નાચીમુથુ (ઉ.વ.32)એ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત 4 ફેબ્રુઆરી, 2026ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યાના સુમારે ફરિયાદી પોતાની હોન્ડા યુનિકોર્ન બાઇક નં.(GJ-19-AQ-5679) પર પાંચપીપળા ગામના નિશાળ ફળિયામાંથી કલેક્શન કરી વ્યારા તરફ જવા નીકળ્યા હતા. વ્યારા-પાંચપીપળા મેઈન રોડથી 200 મીટર પહેલાં, એક અજાણ્યા શખ્સે ઝાડીઓમાંથી બહાર આવી તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફરિયાદીએ બાઇક ઊભી રાખી નહોતી. થોડે આગળ જતાં બીજા એક શખ્સે લાકડી સાથે રસ્તા પર આવી બાઇક રોકી લીધી હતી અને ફરિયાદીને પીઠના ભાગે લાકડીનો સપાટો મારતાં તેઓ નીચે પડી ગયા હતા. આ લુંટારુઓએ હિન્દીમાં 'તુમ્હારે પાસ જો ભી હો વો દે દો' કહી ફરિયાદી સાથે ઝપાઝપી કરી હતી અને તેમના પેન્ટના ખિસ્સામાં રહેલા ઉઘરાણીના રૂ.55,000 લૂંટીને ખેતરોમાં ભાગી છૂટ્યા હતા. ફરિયાદ મુજબ બંને લુંટારુ 20થી 25 વર્ષની વયના અને પાતળા બાંધાના હતા. એક ઇસમે સફેદ ટોપી અને કાળા રંગનું માસ્ક પહેર્યું હતું, જ્યારે બીજાએ ગુલાબી ટી-શર્ટ અને મોં પર સફેદ રૂમાલ બાંધ્યો હતો. આ બનાવ અગે સોનગઢ પોલીસે આ મામલે અજાણ્યા બે ઇસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કડોદમાં પેટ્રોલ પંપનો મેનેજર રૂ.6.21 લાખનું ઈંધણ ચોરી છૂ

બારડોલી રૂરલ પોલીસ મથકે મેનેજર વિરુદ્ધ ફરિયાદ

બારડોલી: બારડોલીના કડોદ ગામે આવેલા એક પેટ્રોલ પંપ પર મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સે માલિકનો વિશ્વાસ કેળવી, હિસાબી રજીસ્ટરમાં ખોટી નોંધો કરી અંદાજે રૂ.6.21 લાખની કિંમતના પેટ્રોલ અને ડીઝલની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે બારડોલી રૂરલ પોલીસ મથકે મેનેજર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. બારડોલીના શાસ્ત્રી રોડ પર પ્રકાશ પાર્ક સોસાયટીમાં રહેતા અને કડોદ ગામે 'ઓમ સાંઈરામ ફીલિંગ સ્ટેશન' (BPCL) ધરાવતા પ્રવીણભાઈ હરિભાઈ અગ્રવાલે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પંપ પર છેલ્લા એક વર્ષથી અજયભાઈ કાનજીભાઈ ચૌધરી (રહે.,ગોદાવાડી, તા.માંડવી) મેનેજર તરીકે નોકરી કરતો હતો. માલિકે વિશ્વાસ મૂકીને તેને સ્ટોક રજિસ્ટર અને હિસાબોની જવાબદારી સોંપી હતી, પરંતુ ગત 15 જાન્યુઆરી-2026ના રોજ જ્યારે સ્ટોકની તપાસ કરવામાં આવી ત્યારે ટાંકીમાં રહેલા જથ્થા અને રજિસ્ટરના આંકડામાં મોટો તફાવત જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, આરોપી અજય ચૌધરીએ 3576 લીટર ડીઝલ અને 2595 લીટર પેટ્રોલના જથ્થામાં ઘટ પાડી હતી. ઉપરાંત તેણે અન્ય વ્યક્તિઓના નામે ખોટા બોગસ બિલો બનાવી 578.95 લીટર ડીઝલનો જથ્થો પણ બારોબાર સગેવગે કરી નાંખ્યો હતો. આમ, આરોપીએ કુલ રૂ.6,21,878ની મત્તાનો વિશ્વાસઘાત કર્યો છે. કૌભાંડ પકડાઈ જવાની બીકે આરોપી 14 જાન્યુઆરીથી પંપ પર આવ્યા વગર ફરાર થઈ ગયો હતો. પ્રવીણભાઈની ફરિયાદના આધારે બારડોલી રૂરલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નર્મદા જિલ્લામાં SIR મુદ્દે પ્રાંતને રજૂઆત

રાજપીપળા: નર્મદા જિલ્લાની નાંદોદ અને ડેડિયાપાડા વિધાનસભા બેઠકો પર ૧૫,૦૦૦થી વધુ હયાત મતદારોનાં નામ ખોટી રીતે કમી કરવાના વિવાદે જોર પકડ્યું છે. આક્ષેપ છે કે ભાજપના કાર્યકરોએ 'ફોર્મ નંબર ૭' ભરીને સામૂહિક રીતે નામ રદ કરવાની અરજીઓ કરી છે. આ બાબતે આજે પ્રાંત અધિકારીને મળીને રજૂઆત કરવામાં આવી હતી કે, ખોટી અરજી કરનારા તમામ લોકોની માહિતી, સીસીટીવી ફૂટેજ અને રજિસ્ટર વિગતો જાહેર કરવામાં આવે. તંત્ર દ્વારા આ મામલે હજુ સુધી કોઈ કાયદાકીય કાર્યવાહી ન થતાં તપાસની માંગ કરવામાં આવી છે.

જૂનવાણી ગામમાં દીપડો પાંજરે પુરાયો



બારડોલી: બારડોલીના જૂનવાણી ગામના નિશાળ ફળિયામાં એક અઠવાડિયા પહેલા દીપડાએ એક વાછરડાનો શિકાર કર્યો હતો. ત્યારબાદ ગામના અલગ-અલગ ફળિયામાં વહેલી સવારે અને રાત્રિ દરમિયાન દીપડો દેખાતાં સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ હતો. બે દિવસ પહેલા જ ગામના રહીશ સંદીપભાઈ જયરામભાઈ ચૌધરીના ઘર પાસે વહેલી સવારે દીપડો નજરે પડ્યો હતો. સંદીપભાઈએ આ અંગે તાત્કાલિક તેન સામાજિક વનીકરણ રેન્જનો સંપર્ક કર્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ આર.એફ.ઓ. સુધાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ નિશાળ ફળિયામાં મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. ગઈકાલે રાત્રે દીપડો શિકારની લાલચે પાંજરામાં પુરાયો હતો. ઘટનાની જાણ થતા જ વન વિભાગની ટીમ જુનવાણી પહોંચી હતી અને દીપડાનો કબજો મેળવી તેને તેન રેંજ ઓફિસ ખાતે ખસેડ્યો હતો. દીપડો પકડાતા જુનવાણી ગામના લોકોએ વન વિભાગનો આભાર માની રાહતનો શ્વાસ લીધો છે.

ધોલેખામ પાટિયા પાસેથી 18 હજારના દારૂ સાથે યુવક ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસે બાતમીના આધારે ધોલેખામ ગામના પાટિયા પાસે વોચ ગોઠવી એક મોટરસાઈકલ સવારને ઝડપી પાડ્યો હતો. તલાશી લેતા બાઇક પરથી 18,450ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અમિત રાકેશભાઈ વસાવા (રહે.,ધોલેખામ) નામના 19 વર્ષીય યુવકની ધરપકડ કરી બાઇક અને દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

વ્યારા નગરપાલિકા, જિ-તાપી
ઓનલાઇન ટેન્ડર
જાહેર નિવિદા-૨૫/ ૨૦૨૫-૨૬

વ્યારા નગરપાલિકા જિ-તાપી દ્વારા વિવિધ ગ્રાંટો હેઠળ વ્યારા નગરપાલિકા વિસ્તારોના કામે સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી ફક્ત ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે કામો માટેની વિગતવાર માહિતી (રજી.વર્ગ, ઇ.એમ.ડી, ટેન્ડર ફી, ફક્ત ડિમાન્ડ ડ્રાફ્ટ) રજાના દિવસો સિવાય બાંધકામ વિભાગમાંથી તથા નીચે મુજબની વેબ સાઇટ પરથી જોવા મળી શકશે.

ક્રમ	કામનું નામ	અંદાજીત રકમ
૧	વંદનાબેનના વાણીના ઘર પાસે બોક્ષ ડ્રેઇન રીપેરીંગ તથા પેવર બ્લોક રીફિટીંગ કરવાનું કામ.	૨,૪૩,૦૦૦/-
૨	દયાળુ હનુમાનજી ના મંદિર પાસે દાદરી ફળિયામાં પીવાના પાણીની પરબ બનાવવાનું કામ. (ચોથો પ્રયત્ન)	૪,૪૯,૮૦૦/-

વેબ સાઇટનું નામ	http://www.nprocure.com
ડાઉનલોડ તથા અપલોડ કરવા માટેની તારીખ	તા. ૦૭/૦૨/૨૦૨૬ થી તા. ૧૯/૦૨/૨૦૨૬ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઇ.એમ.ડી તથા જરૂરી ડોક્યુમેન્ટ પહોંચાડવાની તારીખ સરનામુ	તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા. ૨૫/૦૨/૨૦૨૬ સમય સાંજે ૧૮:૦૦ કલાક સુધી By.R.P.AD/Speed Post, ચીફ ઓફિસર, વ્યારા નગરપાલિકા, જિ-તાપી
સંભવિત ટેન્ડર ખોલવાની તારીખ	તા. ૨૬/૦૨/૨૦૨૬ સમય:-૧૧:૩૦ કલાકે

ઉપરોક્ત ટેન્ડર માટે વધારે માહીતી માટે વેબસાઇટ જોવા વિનંતી. વ્યારા નગરપાલિકા નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે. સદર કામના ટેન્ડરો સ્વીકારવાનો તથા તે અંગે કોઈ પણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર વ્યારા નગરપાલિકાને અબાધિત રહેશે.

વંદનાબેન ડોબરીયા, ચીફ ઓફિસર, વ્યારા નગરપાલિકા
મૃણાલભાઇ વાય.જોષી, ચેરમેન, બાંધકામ સમિતિ, વ્યારા નગરપાલિકા
રાકેશભાઇ બી. ચૌધરી, ચેરમેન, ગટર સમિતિ, વ્યારા નગરપાલિકા
દિલીપભાઇ એ.જાદવ, ચેરમેન, કારોબારી સમિતિ, વ્યારા નગરપાલિકા
નિલમબેન જી. શાહ, ઉપપ્રમુખ, વ્યારા નગરપાલિકા
રીતેશભાઇ એચ. ઉપાધ્યાય, પ્રમુખ, વ્યારા નગરપાલિકા

કમાંક માહિતી/સૂરત/૧૪૪૮/૨૦૨૬

ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ
જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨,૨૨૨૦૭૫/૨૨૨૦૭૩
Email:ceo.bauda@gmail.com
આઝાદીના અમૃત મહોત્સવ

ટેંડર નોટિસ નં.૧૩ વર્ષ:૨૦૨૫-૨૬

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની કામગીરી માટે લાયકાત ધરાવતી એજન્સીની નિમણુંક કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. જે અંગેના વિગતવાર ટેન્ડર ફોર્મની વિગતો www.nprocure.com વેબ સાઇટ ઉપર ઓનલાઇન તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૯/૦૨/૨૦૨૬ સુધી જોવા મળશે, સદર કામ માટે ઓનલાઇન સબમિશનની છેલ્લી તારીખથી તા.૨૫/૦૨/૨૦૨૬ સુધી ટેંન્ડર ફી તથા ઇ.એમ.ડી. રજુ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન સબમીશન કરવાના ફરજીયાત રહેશે. આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમિયાન રૂબરુ સંપર્ક સાધવાથી મળી શકશે, સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરીપત્રો/નિયમો અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

ટેન્ડર અપલોડ કરવાની તારીખ	તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ફી ની રકમ	૭૦૦૦.૦૦/-
ઇ.એમ.ડી. ની રકમ	૧,૦૦,૦૦૦.૦૦/-
સિક્યુરીટી ડીપોજીટની રકમ	એસ્ટીમેટેડ કોસ્ટના ૫% તથા કામગીરીના બીલના ૫%
EMD,DD તેમજ ડોક્યુમેંટ મોકલવાની છેલ્લી તારીખ (by R.P.A.D. only)	તા.૨૫/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી.
પ્રી-બિડ મિટીંગ તારીખ	૧૮/૦૨/૨૦૨૬
ટેન્ડર ખોલવાની તારીખ	૨૬/૦૨/૨૦૨૬.(શક્ય હશે તો)

(૧).સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિજીકલ ડોક્યુમેન્ટ ધ્યાને લેવામા આવશે નહી.
(૨).સદર ટેન્ડરીંગ માટે બોડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

--સહી--
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ

માહિતી/ભરૂચ/૭૬૪/૨૦૨૬